સાબરકાંઠા, અરવલ્લીની પ્રાથમિક શાળાઓ બાળકોના કોલાહલથી ગુંજશે

ઓનલાઈન શિક્ષણથી બાળકોની સાથે વાલીઓ ત્રાસ્યા, વિદ્યાર્થીઓનું શિક્ષણ સ્તર નબળું પડ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧ રાજ્ય સરકારની કોર કમીટીએ કરેલી જાહેરાત મુજબ આજે ગુરૂવારથી ધો.૬ થી ૮ ની પ્રાથમિક શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શૈક્ષણિક સંકુલો બાળકોને ઉત્સાહથી આવકારવા સજ્જ બન્યા છે. સતત ઓનલાઈન શિક્ષણથી અનેક બાળકોના સ્વભાવમાં બદલાવ આવ્યો છે. એક રીતે વાલીઓ પણ ઓનલાઈન શિક્ષણથી ત્રાસ્યા હતા તેમને હવે રાહત થશે. માસ પ્રમોશન અને કોરોનાના કારણે શાળાઓ બંધ રહેતાં અનેક બાળકોનું શિક્ષણ સ્તર નબળું પડ્યું છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓની ગેરહાજરી હોય એટલે શૈક્ષણિક સંકુલ સૂમસામ ભાસતા હોય છે. શિક્ષક જીવ એવો હોય છે કે તેમને એકલા મૂકવામાં આવે તો વિદ્યાર્થીઓની ગેરહાજરીમાં ઉદાસ થઈ જાય છે. પોતાના વર્ગનું બાળક જોતાં જ પ્રાથમિક શિક્ષક ઉત્સાહીત બને છે અનેક પ્રા.શિક્ષકોએ અનેકવાર શિક્ષક બન્યા તે બદલ ભગવાનનો આભાર માનતા સાંભળવા મળ્યા છે. કારણ કે બાળક નિર્દોષ હોય છે અને તે સાક્ષાત ભગવાનના અવતારથી કમ નથી. કોરોનાના કપરા કાળમાં હોમ લર્નિંગ તેમજ શેરી શાળાઓમાં પ્રા.શિક્ષકો પોતાના જીવની પરવા કર્યા વગર અભ્યાસ માટે નિયમિત જતા હતા પરંતુ શાળામાં જે રીતે બધા બાળકોને સાથે રાખીને શિક્ષણ આપી શકાય તે બાબત શક્ય ન હતી. આજે તા.૨ સપ્ટેમ્બરથી ધો.૬ થી ૮ ની શાળાઓમાં ઓફ લાઈન શિક્ષણનો પ્રારંભ થઈ રહ્યો છે. દરેક શાળાઓના આચાર્યોને એસ.ઓ.પી.નું પાલન કરવા સૂચના આપવામાં આવી છે તેમજ કોઈ બાળક માંદુ જણાય તો તેને શાળામાં ન આવે તે માટે વાલીને તાત્કાલિક જાણ કરવા પણ જણાવી દેવાયું છે. બંન્ને જિલ્લાની શાળાઓના ૧.૭૦ લાખથી વધુ ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ ૧૮ મહિના પછી પોતાની શાળામાં શિક્ષકો ભણાવશે તે સાંભળીને હરખઘેલા થઈ ગયા છે. ધો.૬ થી ૮ માં કોરોના સંક્રમણ વગર શિક્ષણ કાર્ય ચાલશે તો ઓક્ટોબર પછી ધો.૧ થી ૫ નું પણ ઓનલાઈન શિક્ષણ સંભવ બની શકે છે.

સાબરકાંઠા પોલીસે ખુંખાર ઘરફોડીયા ગેંગના ૪ ને દબોચ્યા

આરોપીઓનો ભૂતકાળ ગુનાહીત, અસંખ્ય ગુનાના ભેદ ઉકેલાઈ શકે છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧ સાબરકાંઠા એલ.સી.બી.એ બાતમીના આધારે હિંમતનગરની

ભાગોળથી ખુંખાર ઘરફોડીયા ગેંગના મધ્યપ્રદેશના ૪ આરોપીઓને દબોચી રીમાન્ડ માટેની તજવીજ શરૂ કરી છે. તપાસ દરમ્યાન અનેક જિલ્લામાં થયેલી ઘરફોડના ગુનાના ભેદ ઉકેલાઈ શકે છે. ઘરફોડ ગુનાઓને અંજામ આપવા માટેની સામગ્રી તેમજ ચોરેલી સામગ્રી સહિત કુલ રૂા.૭૪,૦૦૦થી વધુનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે.

અત્યાર સુધી ગુના ઉકેલવામાં ફીફાં ખાંડતી પોલીસને એકાએક ગુનાના ભેદ ઉકેલવામાં સફળતા મળતાં ખાખી વર્દીમાં ખુશાલી જોવા મળી છે. જિલ્લામાં ખાસ કરીને શહેરી વિસ્તારોમાં ઘરફોડ ચોરી કરનારી ગેંગે પોલીસ, એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ઉંઘ હરામ કરી દીધી હતી. પોલીસને બાતમી મળી હતી કે અનેક રાજ્યોમાં ખોફ મચાવનારી બગોલી ગેંગના કેટલાક આરોપીઓ હિંમતનગરમાં મહેમાન બનેલા છે. જેના આધારે એલ.સી.બી.ની ટીમે હાઈટેક ટેકનોલોજી વડે આરોપીઓને ટ્રેસ કરવાનું શરૂ કર્યું હતું. પોલીસના ખાસ અંગત બાતમીદારે આપેલી બાતમી અનુસાર ઘરફોડીયા ગેંગના કેટલાક સાથીઓ હિંમતનગરની ભાગોળે એકત્ર થવાના છે જેથી પોલીસે વૉચ ગોઠવી ૪ આરોપીઓને પકડ્યા હતા અને તેમની તપાસ દરમ્યાન હિંમતનગર શહેર ઉપરાંત અન્ય ૬ જિલ્લામાં ઘરફોડ ચોરીના ગુનાને કબુલી લીધા છે. પોલીસે આરોપીઓની તમામ વિગતો મેળવ્યા પછી રીમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવા તૈયારીઓ શરૂ કરી છે. જે રીતે ખુંખાર ગેંગ ઝડપ્યાનો પોલીસે દાવો કર્યો તે પ્રમાણે તેમની પાસેથી મોટો મુદ્દામાલ પોલીસને મળ્યો નથી. ઘરફોડીયા ગેંગના કેટલાક સાગરીતો મૂળ મધ્યપ્રદેશના ગ્રામ્ય વિસ્તારના છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી સુરત આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં રહેતા હોવાનું પોલીસ તપાસ દરમ્યાન બહાર આવ્યું છે.

અધિકારીઓ સહિત ૧૯ કર્મચારીઓની ટીમ આરોપીઓને પકડવા કામે લાગી

બાયડ : પોલીસે આપેલી વિગતો અનુસાર આંતર રાજ્ય ઘરફોડીયાઓને શોધવા માટે પોલીસ અને તેમના પરિવારે જન્માષ્ટમીના પર્વની ઉજવણીને કોરાણે મૂકી હતી. સતત તપાસ પછી ગેંગના ૪ આરોપીઓ જબ્બે થયા છે જેમાં એલ.સી.બી. પી.આઈ., ચંપાવત, પી.એસ.આઈ. દેસાઈ, મૂરીમા સહિત કુલ-૧૯ અધિકારી અને કર્મચારીઓની ટીમે દિવસ-રાત જોયા વગર પ્રયાસ કર્યા અને આરોપીઓ પકડી લેવામાં આવ્યા છે.

જન્મદિને વધામણી

દર્શન ચૌધરી
નાનાચેખલા, તા.તલોદ



મફતલાલ એમ. પટેલ
(પૂર્વ સરપંચ : ચોઈલા ગ્રામ પંચાયત)
ચોઈલા, તા.બાયડ



રાકેશભાઈ રાવલ
(આસીસ્ટન્ટ જનરલ મેનેજર : ખેતી બેન્ક, અમદાવાદ)
(ઉપપ્રમુખ : શ્રી ઉંઝા ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિ સંસ્થા, ઉંઝા)
ઉંઝા, જિ.પાટણ

તિર્થ વિશાલભાઈ પટેલ
મુ.રૂપાલકંપા (ગાંભોઈ), તા.હિંમતનગર. જી.સાબરકાંઠા.

ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન

પર જેટલા યુધ્ધ કરી ભારતના ઈતિહાસમાં ગૌરવાન્વિત થયેલા

મહાપરાક્રમી બુંદેલખંડના રાજા છત્રસાલની વેબ સીરીઝ યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બનશે

બોલીવુડના પ્લેટફોર્મ પર લાખોના ખર્ચે બનેલી પ્રથમ વેબસિરીઝે વૈશ્વિકસ્તરે ધુમ મચાવી : છત્રસાલ વેબસિરીઝના નિર્માતા સહકારીક્ષેત્રના પીઢ આગેવાન મહેશભાઈ પટેલ અને મનુભાઈ પટેલે હિંમતનગરમાં પ્રેસ કોન્ફરન્સ

બાયડ તા.૧

મધ્યપ્રદેશના બુંદેલખંડના મહાપરાક્રમી પ્રજાવત્સલ રાજવી છત્રસાલજીના જીવન પર બોલીવુડના પ્લેટફોર્મ પર લાખોના ખર્ચે નિર્માણ પામેલી પ્રથમ વેબ સિરીઝ રીલીઝ થયાના ગણતરીના દિવસોમાં સમગ્ર વિશ્વમાંથી અભૂતપુર્વ પ્રતિસાદ મલતા આ વેબસિરીઝના નિર્માણમાં યશસ્વી યોગદાન આપનારા જાણિતા સહકારી આગેવાન મહેશભાઈ પટેલ દ્વારા પ્રસ્થાપિત ધી પ્રાણનાથ મલ્ટીમીડીયા પ્રોસેસીંગ કો.ઓ. સોસાયટી લી. અને શ્રી પ્રાણનાથ વૈશ્વિક ક્ષેત્રના અભિયાનના મુખ્ય સંયોજક મનુભાઈ પટેલના પ્રયાસો સાબરકાંઠા જીલ્લા માટે ગૌરવપદ બન્યા છે.

સાબરકાંઠા જીલ્લા અને રાજ્યના સહકારી ક્ષેત્રમાં મજબૂત પક્કડ ધરાવતા પીઢ રાજકીય આગેવાન શ્રી મહેશભાઈ પટેલ સમાજના ઉત્કર્ષની સેવાકીય પ્રવૃત્તિઓની સાથે સાથે અધ્યાત્મક્ષેત્રે શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાનની મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી રહ્યા છે.

દેશ-વિદેશમાં ચાલતા શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાન અંતર્ગત સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ખાતે વર્ષ-૨૦૧૫માં ધી પ્રાણનાથ મલ્ટી મીડીયા પ્રોસેસીંગ કો.ઓ. સોસાયટી લી. ની સ્થાપના કરાયા પછી શ્રી પ્રાણનાથજીના આદર્શોને અનુસરી ઔરંગઝેબના ક્રૂર શાસન સામે જઝુમી યુધ્ધમાં વિજય પ્રાપ્ત કરી ધર્મ, સંસ્કૃતિ અને માતૃભૂમિના રક્ષણ માટે સર્મપિત થવાના સંકલ્પ સાથે બુદેલખંડને સ્વતંત્રતા અપાવનારા ગૌરવવંતા મહાપરાક્રમી રાજવી છત્રસાલજીના જીવન પર આધારીત વેબસિરીઝનું નિર્માણ કરવાના પ્રયાસો હાથ ધરાયા હતા.

મહારાજા છત્રસાલજીના જીવન પર તાજેતરમાં રિલીઝ કરાયેલી વેબ સિરીઝની પ્રચાર કામગીરી સંદર્ભે હિંમતનગર ખાતે શ્રી પ્રાણનાથજી વૈશ્વિક ચેતના અભિયાનના મુખ્ય સંયોજક શ્રી મનુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતીમાં ધી પ્રાણનાથ મલ્ટીમીડીયા પ્રોસેસીંગ કો.ઓ.સોસાયટી લિ. દ્વારા આયોજીત કરાયેલી પ્રેસ કોન્ફરન્સને સંબોધતા સહકારી આગેવાન અને સાબરકાંઠા ડી. બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ઈતિહાસનું મહત્વ સમજાવી પ્રજાવત્સલ રાજવી છત્રસાલજીના જીવનમાંથી નવી પેઢીને તેમજ યુવાનોને પ્રેરણા મળે એ ઉદેશ્યથી વેબ સિરીઝનું નિર્માણ કરવામાં આવ્યુ હોવાનું જણાવ્યું હતું. અને તેમણે ઉમેર્યુ હતું કે, ડીઝીટલ મિડીયાના માધ્યમથી ઈતિહાસને ઉજાગર કરવાનું શ્રેય સર્વ પ્રથમ શ્રી પ્રાણનાથજીને ફાળે જાય છે.

શ્રી પ્રાણનાથજી વૈશ્વિક ચેતના અભિયાનના મુખ્ય સંયોજક શ્રી મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહારાજા છત્રસાલની વેબસિરીઝના નિર્માણ કાર્ય માટે ઈતિહાસવિદોની મદદ લઈને ત્રણ વર્ષ સુધી સંશોધન કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. પ્રારંભિક તબક્કાની કામગીરી પૂર્ણ થયા પછી ખ્યાતનામ કલાકારોની પસંદગી કરી મુંબઈમા તેમજ ફિલ્મસિટીમાં તેનું શુટીંગ કરાયું હતું. ભારે જહેમતબાદ ૨૦ એપીસોડમાં તૈયાર કરાયેલી છત્રસાલ વેબ સીરીઝ ગત તા.૨૯ મી જુલાઈના રોજ એમ.એકસ પ્લેયર એપ પર ડાઉનલોડ કરવામાં આવી છે. અત્યંત ટુંકાગાળામાં આ વેબસિરીઝએ સમગ્ર વિશ્વમાં ધુમ મચાવી દીધી છે. હિન્દુસ્તાનના ઈતિહાસમાં આ પહેલો શો છે.

સાડા ત્રણસો વર્ષ પૂર્વે મહારાજા છત્રસાલજીએ બાવન જેટલા યુધ્ધો લડીને ઔરંગઝેબને હરાવી બુંદેલખંડ પર વિજય મેળવીને ધર્મને સંસ્કૃતિની રક્ષા માટે વિજય ધ્વજ ફરકાવ્યો હતો. ઈતિહાસમાં છત્રપતિ શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપનું પ્રદાન છે એટલુ જ મહત્વનું યોગદાન મહારાજા છત્રસાલનું છે. ઐતિહાસીક બુદેલખંડને સ્વતંત્રતા અપાવી મહારાજા છત્રસાલજીએ પંચાયતી રાજની સૌપ્રથમ શરૂઆત કરાવી હતી. પ્રાણનાથજીના આદર્શોને અનુસરનાર મહારાજા છત્રસાલજી તલવાર અને કલમ ચલાવામાં કુશળ હતા. મધ્યપ્રદેશની સરકારે શિક્ષણના અભ્યાસક્રમમાં મહારાજા છત્રસાલજીને સામેલ કર્યા છે. ત્યારે શ્રી પ્રાણનાથજી મલ્ટીમિડીયા પ્રોસેસીંગ કો.ઓ.સો.લી. હિંમતનગર દ્વારા નિર્મિત મહારાજા છત્રસાલજીની વેબ સિરીઝ યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લામાં શ્રી પ્રાણનાથજી મિશન સાથે જોડાયેલા જાણિતા બિલ્ડર શ્રી નરેશભાઈ પટેલ, કલશ પટેલ સહિતના અગ્રણીઓ તેમજ પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

મેઘ મહેર : બનાસકાંઠામાં કાચું સોનુ વરસ્યું

વડગામમાં ચોવીસ કલાકમાં ચાર અને પાલનપુરમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો

જિલ્લામાં સર્વત્ર અડધા થી ચાર ઇંચ વરસાદ પડતા લોકોમાં આનંદની લાગણી છવાઈ

પાલનપુર,તા. ૧ રણ કાંઠો ધરવાતા બનાસકાંઠા જિલ્લામાં વરસાદ ખેંચાતા અછત ની સ્થતી સર્જાઈ હતી તેવા સમયે એક માસના લાંબા વિરામ બાદ ત્રણ દિવસથી વિવિધ સ્થળો પર હળવા થી ભારે વરસાદ પડતા લોકોમાં આનંદની

લાગણી છવાઈ છે જેમાં છેલ્લા ચોવીસ કલાકમાં વડગામમાં ચાર ઈંચ ઉપરાંત અને પાલનપુરમાં ત્રણ ઈંચ વરસાદ પડવાની સાથે તેમજ પશુપાલકોમાં ખુશી વ્યાપી જવા પામી છે

બનાસકાંઠા જિલ્લામાં અડધું ચોમાસુ વીતવા છતાં પૂરતા પ્રમાણમાં વરસાદન પડતા અને વરસાદ ખેંચાતા જિલ્લા ના તળાવ સરોવર અને જીવાદોરી સમાન દાંતીવાડા, સિપુ અને મુકેશ્વર ડેમના તળિયા દેખાવા લાગ્યા હતા તેમજ ઘાસચારાની અછત વર્તાતા પશુપાલકોને પશુ ઓનો નિભાવ કરવો મુશ્કેલ બન્યો હતો જેને લઈ જિલ્લામાં અડધા થી બે ઈંચ વરસાદ પડતા ઠેરઠેર વરસાદી પાણીના ઘોડા પુર ઉમટયા હતા જોકે આ વરસાદ ને લઈ વાવેતર ને સીધો ફાયદો થવા થી ખેડૂતોને જિલ્લાને અછત ગ્રસ્ત જાહેર કરવાની માંગ ઉઠી હતી જે વચ્ચે એક મહિનાના લાંબા વિરામ બાદ મેઘરાજા મહેરબાન થતા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસ થી વિવિધ સ્થળો પર હળવા થી ભારે વરસાદ પડી રહ્યો છે જેમાં વડગામમાં છેલ્લા ચોવીસ કલાકમાં ચાર ઈંચ, પાલનપુરમાં ત્રણ,ડીસામાં બે અને ,કાંકરેજ,થરાદ, લાખણીમાં એક-એક ઈંચ વરસાદ પડ્યો હતો

જોકે અમીરગઢ,વાવ, કાંકરેજ,ભાભર,દિયોદર,દાંતીવાડા સહિતના તાલુકામાં અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો જેમાં મંગળવારે વડગામમાં બે કલાકના ત્રણ ઈંચ અને ડીસામાં બે ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો આમ જિલ્લામાં સર્વત્ર કાચા સોના સમાન વરસાદ પડતા મુર્જાયેલા પાકને ફાયદો થવાને લઈ ખેડૂતો ના મુખ પર સ્મિત ઉભરાઈ આવ્યું છે

૨૪ કલાકના વરસાદ આંકડા

અમીરગઢ	૧૬ મીમી
કાંકરેજ	૩૨ મીમી
ડીસા.	૪૪મીમી
થરાદ.	૨૬ મીમી
દાંતા.	૨૦ મીમી
દાંતીવાડા	૧૯ મીમી
દિયોદર	૧૧ મીમી
ધાનેરા.	૧૯ મીમી
પાલનપુર	૭૨ મીમી
ભાભર	૧૮ મીમી
લાખણી	૩૬ મીમી
વડગામ	૧૦૯ મીમી
વાવ.	૧૪ મીમી
સુઈગામ	૦૯ મીમી

વડગામમાં બે કલાકમાં ત્રણ અને પાલનપુર બે ઇંચ વરસાદ પડ્યો

પાલનપુરમાં જન્માષ્ટમી ની સાંજે વરસાદે ધુઆધાર બેટિંગ શરૂ કરતા બે કલાકમાં બે ઈંચ વરસાદ ખાબક્યો હતો જ્યારે મંગળવાર ના બપોરે વડગામમાં મેઘરાજા મન મૂકી ને વરસતા બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ પડતા વરસાદી પાણી ની રેલમછેલ થઈ હતી

રૂપાલકંપા ગામે વિશ્વ હિન્દુ પરિષદનો સ્થાપના દિવસ ઊજવાયો

ગાંભોઈ, તા.૦૧ સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ પ્રખંડના રૂપાલકંપા ગામે સોમવારના રોજ જન્માષ્ટમીના પાવન પર્વે વિશ્વ હિન્દુ પરિષદનો પ૮માં સ્થાપના દિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના ઉપપ્રમુખશ્રી નરેન્દ્રસિંહ સોલંકીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધર્મના કામમાં લોકોને જોડવા, એક સંગઠિત શક્તિ નિર્માણ કરી હિન્દુ ધર્મ, હિંદુ સંસ્કૃતિ અને હિન્દુ સમાજને એક કરી ભારતીય સંસ્કૃતિ કે જે વિશ્વકલ્યાણ કારી સંસ્કૃતિ છે તેને ઉજાગર કરવી આ વિશ્વ હિન્દુ પરિષદનું કાર્ય છે તેમ તેઓએ જણાવી નાત-જાતના વડા

માંથી બહાર આવી એક મજબૂત હિન્દૂ સમાજનું નિર્માણ થાય તે દિશામાં આગળ વધવા કાર્યકર્તાઓને આહવાન કર્યું હતું. આ પ્રસંગે VHP ના જિલ્લા સહમંત્રી અજયસિંહ આઈ.ચંપાવત, જિલ્લા સેવા પ્રમુખ હિતેશભાઈ નાયી સહિત મોટી સંખ્યામાVHPના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગામડીમાં જન્માષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી

રાયગઢ, તા.૦૧ હિંમતનગર તાલુકાના ગામડી ગામે રામદેવ ફળીયા કૃષ્ણમંડળ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી ઊજવાતો જન્માષ્ટમી પર્વ સોમવારના રોજ શ્રદ્ધા અને ભક્તિ સાથે ઉત્સાહભેર ઊજવાયો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.



મેઘરજના પટેલઢુંઢા નજીક ડમ્પરે બાઈક ચાલકને કચડ્યો

મેઘરજ, તા.૦૧ મેઘરજ તાલુકાના પટેલઢુંઢા ગામ નજીક પૂરઝડપે જતા ડમ્પરે બાઈક ચાલકને કચડી નાખતાં કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. મૃતક લીંભોઈ ગામના રવિ જયંતિભાઈ દરજી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય એક જણને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના લીંભોઈ ગામના રવિભાઈ દરજી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા તે સમયે યમદૂત બનીને આવેલા ડમ્પરે ટક્કર મારી કચડી નાખતાં ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. લીંભોઈ ગામના દરજી પરિવારના આશાસ્પદ યુવાનના મોતથી સમગ્ર પંથકમાં માતમ છવાયો છે. જ્યારે પરિવારજનોએ કરૂણ આક્રંદ કરી મૂકતાં ઉપસ્થિત લોકોએ હિબકાં લીધાં હતાં. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મેઘરજ સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યો છે. બનાવ અંગે મેઘરજ પોલીસે ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પુનાસણ શ્રવણ સુખધામ ખાતે જન્માષ્ટમી પર્વ ઉત્સાહભેર ઉજવાયું

ગાંભોઈ, તા.૦૧ સાબરકાંઠા જિલ્લામાં અરવલ્લીની ગીરીકંદરાઓમાં આવેલ

શ્રવણ સુખધામ સંસ્થા પુનાસણ ખાતે જન્માષ્ટમી પર્વે ભગવાન કૃષ્ણની ઝાંખીઓ, મટકીફોડ અને રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'હાથી ઘોડા પાલખી... જય કનૈયા લાલકી...' ના જય ઘોષ સાથે કૃષ્ણની મૂર્તિને સંસ્થાના સમગ્ર કેમ્પમાં પરિભ્રમણ કરાયા બાદ મધ્ય રાત્રિએ કૃષ્ણ જન્મોત્સવ સમૂહ આરતી પૂજન અને પ્રસાદી સાથે નંદમોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવ દરમિયાન સંસ્થાના મંત્રી ઈન્દુબેન પ્રજાપતિ, એમ.ડી. સુરેશભાઇ પ્રજાપતિ, પી.આર.ઓ. હિરેન પ્રજાપતિ અને સંસ્થાના પ્રોજેક્ટ ઓફિસર ભાવેશ પ્રજાપતિ તેમજ સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા મેરેથોન-૨૦૨૧ નું આયોજન

ભિલોડા,તા.૧ બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને ડી.એમ.બી.પી.હાઈસ્કૂલ,બામણાના સંયુક્ત ઉપક્રમે એન.એસ.એસ. અંતર્ગત ૭૫માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે આઝાદીના અમૃત મહોત્સવની ઊજવણીના ભાગરૂપે મેરેથોન-૨૦૨૧ નું આયોજન કોલેજ પ્રિન્સિપાલ ડા.કે.આર.પટેલ,હાઈસ્કૂલ આચાર્ય જી.જી.પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રો.ઓ. ડા.એન.આર.જોષી,વિષ્ણુંભાઈ સોલંકીએ કર્યું હતું.૭૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર ને વિજેતા જાહેર કરીને શિલ્ડ,પુરષ્કાર રૂપે રકમ એનાયત કરાઈ હતી.બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કૂલ કેળવણી મંડળ,પ્રમુખ,મંત્રી,કારોબારી સભ્યો ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ,સ્કૂલના ટિચિંગ,નોન-ટિચિંગ સ્ટાફ પરીવારે જહેમત ઉઠાવી હતી.